હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન આ ખાટલો અને બાટલો ત્રીજી લહેર માટે ખરીદીને રાખ્યો હતો... આ તમે અર્ધા ભાવે લઈ લેશો..??

ભાટ અમુલ ડેરીના આસીસ્ટન્ટ મેનેજરે ચાર કરોડની ઉચાપત કરી

પત્નીના નામે કંપની ઉભી કરી હતી, ૧૨ વર્ષ સુધી ખોટા બીલો રજુ કરી રૂપીયા લીધા, અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર-ઈન્દીરાબ્રિજ માર્ગ પર ભાટ પાસે આવેલી અમુલ ડેરીના આસીસ્ટન્ટ મેનેજરે પત્નિના નામે કંપની ઉભી કરી ૧૨ વર્ષ સુધી ખોટા બીલો બનાવી ડેરીના રૂ.૪,૦૨,૪૮,૦૦૦ ખંખેરી લીધા છે. ડેરીના મેનેજર દ્વારા સાચા બીલો હોય તેવા જ ખોટા બીલો રજુ કરીને કરોડોનું કૌંભાડ આચર્યુ છે. ત્યારે ભાટ અમુલ ડેરીના મેનેજર દ્વારા અડાલજ પોલીસ મથકે ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના ભાટ ગામ પાસે આવેલી અમુલ ડેરીના જનરલ મેનેજર અનિલ બયાની ફરીયાદમાં નોંધાવ્યા મુજબ ડેરીમાં ઉજજવલ વ્યાસ એકાઉન્ટ વિભાગમાં આસીસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. ગત તા.૧૦ મી ફેબુઆરીના રોજ ફેશ પ્રોડકટ ઓફિસ એકાઉન્ટ વિભાગના મેનેજર રમેશ ટીડીએસ સર્ટીફિકેટ ચેક કરતા હતા. ત્યારે જાણ થઈ કે વેન્ડર મીતી ઉજજવલ વ્યાસના નામે વર્ષ ૨૦૧૦ થી આજદિન સુધી ડેરીમાં એમયુ કાર્ટિંગ ટ્રાન્સપોર્ટ તરીકે દર્શાવેલા છે. જેના બીલ ચેક કરતા ઉજજ્વલ વ્યાસે ડેરીના અન્ય સાચા ટ્રાન્સપોર્ટના દ્વારા કરવામાં આવેલી ટ્રીપના જે બીલો છે તેમાં દર્શાવેલ તારીખ, વાહન નંબર અને ટ્રીપનુ ભાડુ વગેરે વિગતો સાથેના બીજા ડુપ્લીકેટ બિલ એમયુ કાર્ટિંગના નામે બનાવ્યા હતા.આ બિલો સર્ટીફાઈડ કરવાની સત્તા ઉજજવલ પાસે હોવાથી તેણે પત્નીના નામે તમામ બીલો પાસ પણ કરી દીધા હતા. જયારે ડેરીના નિયમ અનુસાર કોઈપણ કર્મચારી સગા-સંબંધીઓ ડેરી સાથે વેપાર કરી શકતા નથી. આ વાતની ખબર હોવા છતા પણ ઉજજવલ વ્યાસ દ્વારા તેની પત્ની મીતી વ્યાસને વેન્ડર બનાવી દઈને ઓરેકલ અને એસએપી સિસ્ટમમાં તે ઓર્થોરાઈઝ હોવાથી એમયુ કાર્ટિંગ નામની કંપની ઉભી કરી તા.૨૭-૭-૨૦૧૦ થી ૧૦-૨-૨૦૨૨ દરમિયાન ખોટી રીતે ખોટા બીલો બનાવી ડેરીમાંથી રૂ.૪ કરોડ ૨ લાખ અને ૪૮ હજાર રૂપીયા પોતાની પત્નીના એકાઉન્ટમાં જમા કરાવી ઉચાપત આચરી છે. ઉજજવલની પુછપરછ કરતા તેણે ઉચાપત સ્વીકારી ડેરીને રૂપીયા પરત કરવાની બાંહેધરી આપી હતી. જેમાં રૂ.૫ લાખનો ચેક અને બીજા બે કોરા ચેક આપ્યા હતા. જેમાં રૂ.૫ લાખનો ચેક કલીયર થયો હતો.ત્યારબાદ ડેરીના ફોન ઉપાડવાનું બંધ કરતા કર્મચારીઓ તેના ઘરે અમદાવાદ બોપલ ખાતે ઓરચી એલીગન્સમાં તપાસ કરતા મેનેજર મળી આવ્યો ન હતો. જેથી ડેરીના જનરલ મેનેજર દ્વારા અડાલજ પોલીસ મથકે ઉજજવલ વ્યાસ અને તેની પત્ની સામે ફરીયાદ નોંધાવી છે.

ખૂણેખાંચરેથી

- ૧૯મીએ ગાંધીનગર સંસદીય વિસ્તારમાં દૃષ્ટિ પ્રોજેક્ટ અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા સાંસદ અને ગૃહમંત્રી અમીત શાહ દ્વારા પાવર પોઈંટ પ્રેઝન્ટેશન દ્વારા કરવામાં આવનાર છે.
- મિશન ઓન સસ્ટેનેબલ એગ્રીકલ્ચરલ-ની જિલ્લાકક્ષાની બેઠક જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપદે મળી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના વિવિધ ચેરમેનોએ આજે એક બેઠક યોજી વિકાસના કામોને ગતિ આપવાને લઈ ચર્ચાઓ કરી હતી. આજે પંચાયતમાં સભ્યો પણ આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં ૨૯૦૦થી વધુ વિદ્યાસહાયકોની ભરતી માટેના અરજી ફોર્મ સ્વીકારવામાં આવ્યા છે.
- માણસા સિવિલ હોસ્પિટલ ખાતે ટી.બી. નિર્મૂલનને લઈ અપાતી સારવાર તેમજ નિદાન અંગેની સમજૂતી આપવા બેઠકનું આયોજન જિલ્લા ટી.બી. એકમ દ્વારા થયુ હતુ.
- સ્માર્ટ ફોનની ખરીદી પર સહાયની યોજના અંગેનો રાજયકક્ષાનો કાર્યક્રમ ૨૩મીએ યોજવાને લઈ ચક્રો ગતિમાન થયા છે.
- સંસ્કૃતિકુંજ ખાતે વસંતોત્સવના આયોજન અંગે યુવક સેવા સાંસ્કૃતિક વિભાગના સચિવ અશ્વિનીકુમારે વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેરના જુના સેક્ટરોમાં છેલ્લા ત્રણેક દિવસથી ડોર ટુ ડોર કલેક્શન કરતી ગાડીઓ ખુબ મોડી આવી રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- ગાંધીનગર મનપાના નાયબ મ્યુનિ. કમિશનર તરીકે નિયુક્ત થયેલા કેયુર જેઠવા આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ગાંધીનગરમાં યોજાનાર ડિફેન્સ એક્સપોને લઈ ચાલતી તૈયારીઓને વેગ આપવામાં આવ્યો છે.

સચિવાલય આંતરવિભાગીય કેરમ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

સચિવાલયના સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખા દ્વારા આંતર વિભાગીય કેરમ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ડબલ્સમાં પરેશ ગટાડ અને કિશોર પટણી તથા શૈલષ મજમુદાર (સેકશન ઓફિસર), દશરથભાઈ નાઈ (ડેપ્યુટી સેકશન ઓફિસર) વચ્ચે ફાઈનલ રમવામાં આવી હતી. જેમાં પરેશ ગટાડ અને કિશોર પટણી વિજેતા બન્યા હતા જયારે શૈલેષ મજમુદાર અને દશરથભાઈ નાઈ ઉપવિજેતા રહ્યા હતા.

લ્યો હવે, "વસંતોત્સવ" પર આયોજન પહેલાં જ ભ્રષ્ટાચારની "પાનખર"નો ઓછાયો..!!

ગાંધીનગર તા.૧૭

ગાંધીનગરમાં દર વર્ષે વસંત ઋતુમાં સાબરમતીને કિનારે યોજાતા વસંતોત્સવ પાટનગરની એક સાંસ્કૃતિક ઓળખ બની ચૂક્યો છે. આ વર્ષે પણ રાજ્ય સરકારના યુવા, સાંસ્કૃતિક અને રમત ગમત વિભાગ દ્વારા વસંતોત્સવની આયોજનની તૈયારીઓ ચાલી રહી છે અને શહેરીજનો પણ જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તેવા વસંતોત્સવના પ્રારંભ પહેલાં જ 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેવો ઘાટ સર્જાયો છે. આ વખતે વસંતોત્સવના આયોજન માટે લાઈટ, મંડપ, સાઉન્ડ, કેમ્પસ કામ, પ્રિન્ટીંગ, ટ્રાવેલિંગ સહિતના વિવિધ કાર્યો માટે વર્ષોથી કાર્યરત વિવિધ સ્થાનિક એજન્સીઓ દ્વારા ટેન્ડર પ્રક્રિયામાં મિલીભગત કરીને માત્ર પ્રેઝન્ટેશનના આધારે નવી એજન્સીને ઉંચા ભાવે કામ આપી ભ્રષ્ટાચાર આચરાયો હોવાના આક્ષેપ કરવામાં આવ્યાં છે.

સ્થાનિક લોકલ વેપારીઓના જણાવ્યા અનુસાર અત્યાર સુધી વસંતોત્સવમાં ઓફલાઈન ટેન્ડરોથી કામ થતાં હતાં જેમાં જેનું ટેન્ડર નીચા ભાવનું હોય તેને કામ આપવામાં આવતું હતું જેના કારણે સરકારને ખર્ચમાં આર્થિક ફાયદો પણ થતો હતો. જોકે આ વખતે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી છે જેમાં પ્રેઝન્ટેશન તથા

વર્ષોથી કામ કરતી એજન્સીઓના ભાવ નીચા હોવા છતાં મિલીભગતથી માત્ર પ્રેઝન્ટેશનના આધારે ખર્ચની મર્યાદા કરતાં ઉંચા ભાવે નવી એજન્સીને કામ આપી દેવાયું હોવાનો લોકલ વેપારીઓનો આક્ષેપ

ટેકનીકલ બીડની કામગીરી કરવાની હોય છે આ કામગીરીમાં પ્રેઝન્ટેશનના ૭૦ટકા અને ૩૦ટકા ટેકનિકલ બીડમાં ભાવો જોવામાં આવે છે. પ્રેઝન્ટેશનમાં જરૂર સારું પિક્ચરાઈઝેશન હોય તે અનુસાર માર્ક ગણવામાં આવે છે જેના કારણે જો કોઈ એજન્સીના ભાવ નીચા હોય પરંતુ પ્રેઝન્ટેશન બરાબર ના હોય તો સરકારને આર્થિક ફાયદો થતો હોય છતાં તેને કામ મળતું નથી. આમ તો વસંતોત્સવ માટે સરકાર દ્વારા રૂ.૫૦ લાખની લિમિટનું ટેન્ડર સારા પિક્ચરાઈઝેશન અને તેના સારા પ્રેઝન્ટેશન સાથે લિમિટ કરતાં પણ ઉંચા ભાવમાં રૂ.૬૫ લાખમાં અમદાવાદની કોઈ એજન્સી લઈ ગઈ છે જેને જેને અનુલક્ષીને સ્થાનિક વેપારીઓ દ્વારા વિભાગ અને એજન્સીની સાઠગાંઠ ગણાવી ભ્રષ્ટાચાર આચરાયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર અત્યાર સુધી તેમની એજન્સીઓ કામના અનુભવી હોવા ઉપરાંત આશરે રૂ.૪૦ લાખની આસપાસના ભાવમાં કામ કરતી હતી જ્યારે આ વખતે આ પ્રેઝન્ટેશનના ચક્કરમાં વિભાગ દ્વારા મીલીભગત કરીને ઊંચા માર્ક આપી સરકારની તિજોરીને અંદાજે વીસેક લાખ રૂપિયાનું નુકસાન પહોંચાડવા સાથે પોતાના ખિસ્સા ભરવાનો કારસો કરવામાં આવ્યો હોવાનું સ્થાનિક એજન્સીઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ટેન્ડર પ્રક્રિયા બાબતે અસંતોષ સાથે ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે સ્થાનિક વેપારીઓ દ્વારા યુવક સેવા, સાંસ્કૃતિક વિભાગના કમિશનરને લોકલ એજન્સીધારકોની સહીઓ સાથે લેખિત રજુઆત કરવામાં આવી હોવાનું જણાવાઈ રહ્યું છે. આ રજુઆતમાં વસંતોત્સવનું આયોજન માટે ખર્ચની મર્યાદા રૂ.૫૦ લાખની હોવા છતાં શા કારણે ઊંચા ભાવે ટેન્ડર આપીને આર્થિક નુકસાન કરવામાં આવી રહ્યું છે તે અંગે ખુલાસો માંગવા સાથે સમગ્ર ટેન્ડર પ્રક્રિયા રદ કરવા સ્થાનિક એજન્સીઓ દ્વારા વેપારીઓ દ્વારા માંગ કરવામાં આવી છે.

કુડાસણ રાધે રેસીડેન્સીમાં રાત્રીના સમયે કારમાં આગ ભભુકી ઉઠી

ગાંધીનગર, તા.૧૭

ન્યું ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલી રાધે રેસીડેન્સીના પાર્કિંગમાં ઉભી રહેલી

કારમાં અચાનક રાત્રીના સમયે આગ ભભુકી ઉઠી હતી. જયારે સીસીટીવી કેમેરા અને તેની સિસ્ટમ પણ તોડી દીધી હતી. જયારે સોસાયટીમાં ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડ દારૂ પીધેલી હાલતમાં મળી આવતા તેની પણ શંકાસ્પદ ભુમિકા હોવાનું વસાહતીઓ દ્વારા જાણવા મળ્યું છે. ઈન્ફોસીટી પોલીસ મથકે સિક્યુરીટી ગાર્ડ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ વિસ્તારમાં આવેલી રાધે રેસીડેન્સી ફલેટ નં.ડી.૪૦૪ ખાતે રહેતા રાજેન્દ્રભાઈ પટેલનો પુત્ર અને પુત્રવધુ કેનેડાથી આવ્યા હોવાથી તેમના સસરાએ તેઓને ફરવા માટે આપી છે. ગતરોજ રાત્રીના સમયે પાર્કિંગમાં પાર્ક કરેલી કારમાં અચાનક આગ લાગી હતી.જેને પગલે સ્થાનિક વસાહતીઓ ડરી ગયા હતા. જયારે કાર આગની જવાળાઓમાં લપેટાઈ ગઈ હતી. આ બનાવને પગલે હોહા થતા સોસાયટીના રહીશોની સાથે રાજેન્દ્રભાઈ પણ નીચે દોડી આવ્યા હતા. જયારે સ્થાનિક નાગરીકોએ આગ બુઝાવવાનો પ્રયત્ન કર્યો હતો. જયારે આગની જાણ થતા ફાયર ટીમના જવાનો આવી પહોંચ્યા હતા અને આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.જયારે ગાડીમાં આગ કયા કારણોસર લાગી તે જાણવા માટે વસાહતીઓ સિક્યુરીટી ગાર્ડ પાસે જતા તે ભાગી ગયો હતો. જયારે વસાહતીઓ સિક્યુરીટી કેમેરા ચેક કરવાનું નક્કી કરતા ગાર્ડની કેબીનમાં ગયા હતા. પરંતુ સીસીટીવી કેમેરા અને ડીવીઆર તુટેલુ જોવા મળ્યું હતું. જેથી ગાર્ડને શોધતા હતા તે સમયે અચાનક તે ગાર્ડ વિશાલ ભદોરીયા તેના સુપરવાઈઝરને લઈ આવ્યો હતો.રાધે રેસીડેન્સીના નાગરીકોએ પુછપરછ કરતા ગાર્ડ ચિક્કાર દારૂના નશામાં હોવાની જાણ થઈ હતી. પોલીસને જાણ કરવામાં આવતા ઈન્ફોસીટી પોલીસ દારૂ પીધેલા ગાર્ડને લઈ ગઈ હતી.

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ટ્રેડિશનલ ડે સેલિબ્રેશન

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વાઈબ્રન્ટ ડે સેલિબ્રેશન અંતર્ગત ટ્રેડિશનલ ડેનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં આ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓએ સાડીમાં સજ્જ થઈને ટ્રેડીશનલ ડેની ઉજવણી કરી હતી અને કોલેજના પ્રોફેસરો તથા પ્રિન્સિપાલ ડો. રાજી ડેનિસે પણ ટ્રેડિશનલ ડેની ઉજવણીમાં ભાગ લઈ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

અનામત મેળવવા માટે ઠાકોર સમાજ હવે માંગ કરી રહ્યો છે. ઠાકોર અનામત આંદોલન સમિતિના સંયોજકોએ જિલ્લા કલેક્ટરને મળીને અનામત અંગે પોતાની રજૂઆત કરી હતી.

અજીબ મૃત્યુ : ૬/૭ના કટ પાસે રાહદારીને મોપેડે ટક્કર મારતા નીચે પટકાયો

ટક્કરથી નીચે પટકાયેલા રાહદારી પર પાછળથી આવતી ગાડી ઉપરથી પસાર થતા સારવાર દરમિયાન મૃત્યુ

શહેરના મુખ્ય ઘ માર્ગ પર ૬-૭ ના કટ પાસે સાંજના સમયે રસ્તો ઓળંગી રહેલા શ્રમિકને એકટીવા ચાલકે અડફેટે લીધો હતો. જેથી શ્રમિક નીચે માર્ગ પર પટકાતા તેના પરથી બીજી કાર પસાર થઈ જતા શ્રમિકને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી ઈજાગ્રસ્તને સારવાર માટે ૧૦૮ માં ગાંધીનગર સિવિલ લઈ અને ત્યારબાદ અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન શ્રમિકનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ આદરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રશીલાબેન રાજુભાઈ ચરપોટ સેકટર-૭ પટેલવાડી સામે કાચા છાપરામાં પરિવાર સાથે રહે છે અને મજુરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા.૧૬ ના રોજ સાંજના સાત વાગ્યાના અરસામાં તેઓ છાપરામાં હાજર હતા. તે સમયે એક રીક્ષાચાલક ભાઈ જણાવતા હતા કે કોઈ મજુર ભાઈને સેકટર-૬-૭ કટ પાસે અકસ્માત થયો છે. જેથી રસીલાબેન તાત્કાલીક અકસ્માત સ્થળે ગયા હતા. તે સમયે ઈજાગ્રસ્તને ૧૦૮ એમ્બ્યુલન્સમાં બેસાડી રહ્યા હતા તે સમયે તેઓએ જોયુ તો ઈજાગ્રસ્ત વ્યકિત તેમના પતિ રાજુભાઈ હતા. તે સમયે આસપાસના નાગરીકોએ જણાવ્યું કે રાજુભાઈ ચાલકા રોડ ઓળંગી રહ્યા હતા તે સમયે એકસેસ ચાલક ભટકાતા રાજુભાઈ માર્ગ પર પટકાયા હતા. તે સમયે અચાનક ફોરવ્હીલ ગાડી પણ રાજુભાઈ પરથી પસાર થઈ જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં રાજુભાઈને ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયા હતા.જયાં સારવાર દરમિયાન રાજુભાઈનું અવસાન થયું હતું.જયારે પુછપરછ કરતા એકસેસ નંબર જી.જે.૦૨.બી.સી.-૭૪૩૪ અને ફોર વ્હીલરનો નંબર જી.જે.૧૮.બી.સી.-૨૪૨૧ હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ આદરી છે.

ગાંધીનગરમાં એબીવીપીએ કેન્ડલ માર્ચ યોજી "જસ્ટીસ ફોર લાવણ્યા"ની માંગ કરી

ગાંધીનગર તા.૧૭

તાજેતરમાં દક્ષિણ ભારતના તામિલનાડુ ખાતે એક મિશનરી સ્કૂલમાં લાવણ્યા નામની વિદ્યાર્થીનીને શાળા સંચાલકો દ્વારા ખ્રિસ્તી ધર્મ અપનાવી લેવા માટે માનસિક રીતે દબાણ કરવામાં આવી રહ્યું હોવાથી નાછુટકે તે દિકરીએ આત્મહત્યાનું અત્યંત આઘાતજનક પગલું ભરવાનો વારો આવ્યો હતો. આ સમગ્ર ઘટના પ્રકાશમાં આવતાં દેશભરમાં અરેરાટી સાથે મિશનરીઓની ધર્માંતરણ પ્રવૃત્તિ અને તેને છાવરવાનો પ્રયાસ કરી રહેલી તામિલનાડુ સરકાર પ્રત્યે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરમાં પણ તા. ૧૬મી ફેબ્રુઆરી બુધવારે સાંજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા દીકરી લાવણ્યાને ન્યાય અપાવવા હેતુ ઘ-૩ પથિકાશ્રમ સર્કલથી ઘ-૪ સુધીની કેન્ડલ માર્ચ યોજાવામાં આવી હતી. કેન્ડલ માર્ચના સમાપને લાવણ્યાને શ્રદ્ધાંજલી આપવા

સાથે એબીવીપીના કાર્યકરો દ્વારા જાહેર ભાષણ થકી લાવણ્યાને ન્યાય માટે માંગ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન એબીવીપી પ્રદેશ સહમંત્રી અમહસિંહ ચાવડા, જિલ્લા સહ સંયોજક ચંદ્રદીપસિંહ ચુડાસમા અને નગર મંત્રી ખેવના જોશી સહિત હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને એબીવીપીના કાર્યકર્તાઓએ આક્રોશભેર લાવણ્યાના સંવેદનશીલ વિષયે તામિલનાડુ સરકારના નિંદનીય વલણ વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું.

વિજ્ઞાન મેળામાં સરસ્વતી વિદ્યાલય મોખરે

ગાંધીનગર, તા. ૧૭

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત મોડાસા તાલુકાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન ડાયટ-અરવલ્લીના માર્ગદર્શન મુજબ ઓનલાઈન યોજાયેલ હતુ. તાલુકાની વિવિધ શાળાઓ દ્વારા વિભાગવાર રજૂ થયેલ કૃતિઓ પૈકી વિભાગ-૨ અને વિભાગ-૪માં શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયે પ્રથમ નંબર મેળવેલ છે. વિભાગ-૨ માં બાળ વૈજ્ઞાનિકો કુ. તન્વી કડિયા અને પાર્થિવ પંડ્યાએ શિક્ષક રાજન વ્યાસના માર્ગદર્શન હેઠળ ''કોરોના-મેલેરિયા નિયંત્રણ પ્રોજેક્ટ'' રજુ કરેલ હતો. વિભાગ-૪ માં બાળ વૈજ્ઞાનિકો યશ રાઠોડ અને ધ્રુવ પટેલે, શિક્ષક યુ.ડી. સોલંકીના માર્ગદર્શન હેઠળ ઓટોમેટીક હેડલાઈટ ડિમર પ્રોજેક્ટ રજુ કરેલ હતો. વિજેતા સ્પર્ધકો-માર્ગદર્શક શિક્ષકોને મંડળના પ્રમુખ રાજુભાઈ, ઉપપ્રમુખ ડૉ. હરિભાઈ, મંત્રી રણછોડભાઈ તથા પ્રિન્સિપાલ ડૉ. જીજ્ઞેશ સુથારે અભિનંદન આપી આગામી સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવેલ હતી.

ખુલ્લા પ્લોટમાં જાહેરાત બોર્ડમાં લગાવેલી એક લાખની એલઈડી લાઈટોની ચોરી

ગાંધીનગર,તા.૧૭

ગીફટસીટી ખાતે નીલાસ પેસીસ કંપનીના ખુલ્લા પ્લોટ નં.૪૬ માં જાહેરાત માટે બોર્ડ ઉપર લગાવેલી રૂ.૧ લાખથી વધુની ૨૫૦ વોલ્ટની એલઈડી ફલોડ લાઈટ નંગ-૩૦ ચોર શખ્સ ચોરી કરી પલાનય થઈ જતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બોપલ હરીઓમ વીલા ખાતે રહેતા નિર્સગ ઠક્કર ગીફટસીટીમાં આવેલી નીલાસ પેસીસ કંપનીમાં માર્કેટીંગ મેનેજર તરીકે ફરજ બજાવે છે. જયારે નીલાસ કંપનીનો ગીફટસીટીની અંદર રહેણાંક વિસ્તારમાં આઈ.ઓ.સી. પેટ્રોલ પંપની સામે પ્લોટ નં.૪૬ આવેલ છે. હાલ આ જગ્યા પર બાંધકામ ચાલુ હોવાથી તે પ્લોટમાં અજવાળા માટે ગત તા.૬ જાન્યુઆરીના રોજ જાહેરાતના બોર્ડ પર ૩૦ નંગ એલઈડી ફલોડ લાઈટ લગાવી હતી. ત્યારબાદ તા.૧૫ જાન્યુઆરીના રોજ રાત્રીના આશરે આઠ વાગ્યાના સુમારે નિર્સગ ઠક્કર ઘરે જવા માટે નીકળ્યા હતા. તે સમયે એલઈડી લાઈટો ચાલુ હાલતમાં હતી. જયારે બીજા દિવસે તા.૧૬ ના રોજ સવારે નોકરી પર આવતા સમયે જોયુ તો નીલાસ પેસીસ કંપનીના જાહેરાત બોર્ડ પર રૂ.૧ લાખથી વધુની લગાલેવી ૩૦ નંગ એલઈડી ફલોડ લાઈટની કોઈ ચોર શખ્સ ચોરી કરી ગયો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સાદરા સંકુલમાં ચંપાના વૃક્ષારોપણ દ્વારા જન્મદિવસ ઉજવાયો

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના અંગ્રેજી વિષયના પ્રા. ડૉ. દિવ્યેશ ભટ્ટનો જન્મદિવસ પર્યાવરણ સુરક્ષાને લક્ષમાં લઈ ચંપાના વૃક્ષારોપણ દ્વારા ઉજવવામાં આવ્યો હતો. ગાયત્રી દત્ત મહેતાએ શાસ્ત્રોક શ્લોકનું ગાન કર્યુ હતુ. પ્રદીપ રાઓલ, ગોરધન રાવળ, ભરત રાવળે વૃક્ષારોપણ કરવા મદદ કરી હતી.

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ('ગીર') ફાઉન્ડેશન

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન / અરણ્ય ઉદ્યાન, ગાંધીનગર તેમજ હિંગોળગઢ અભયારણ્ય, ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિર તળે ભોજન સેવાઓ (કેટરીંગ સુવિધા) તેમજ ગણવેશ કાપડ (સીલાઈ સાથે) - બુટ પુરા પાડવા બાબત.

"ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર કચેરી હસ્તકના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન / અરણ્ય ઉદ્યાન, ગાંધીનગર તેમજ હિંગોળગઢ અભયારણ્ય, હિંગોળગઢ ખાતે યોજવામાં આવતી શાળા અને તેમજ કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિરો તળે કેટરીંગ સુવિધા પુરી પાડવા તેમજ "ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર કચેરી હસ્તકના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન / અરણ્ય ઉદ્યાન, ગાંધીનગર તેમજ હિંગોળગઢ અભયારણ્ય, હિંગોળગઢ ફરજ બજાવતા વર્ગ-૪ના કર્મચારી / કાયમી રોજમદાર તથા ડ્રાઈવરો માટે ગણવેશનું કાપડ સિલાઈ સાથે તેમજ બુટ પુરા પાડવા માટે જો કોઈ રસ ધરાવતા હોય તેવા કેટરર્સ / વ્યક્તિ /સંસ્થા / ઈજારદારે આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ સુધીમાં રોકડેથી / ડી.ડી.થી રૂ. **૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) (નોન રીફંડેબલ)** ભરી, જે તે બાબતનું કોરૂ ટેન્ડર ફોર્મ 'ગીર' ફાઉન્ડેશન કચેરીએથી મેળવી લેવાનું રહેશે અને તદનુસાર ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ બાબતો / શરતો / જોગવાઈઓ અનુસાર બંધ કવરમાં ભાવો ભરી, જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫માં ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ તારીખ સુધીમાં RPAD/સ્પીડ પોસ્ટથી અત્રે મળે તે રૂએ તેમજ કવર ઉપર **'કેટરીંગ સુવિધા પુરી પાડવાના ભાવો'** તેમજ **'ગણવેશ કાપડ-બુટ પુરા પાડવાના ભાવો'** લખી અત્રે મોકલી આપવાના રહેશે.

સરનામું : 'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, પો.સેક્ટર-૭, ગાંધીનગર-૩૮૨૦૦૭

નાયબ નિયામક, આર. એન્ડ ડી.,
'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર

માહિતી/૩૧૯૬/૨૧-૨૨